# ગુજરાત વિધાનસભા સચિવાલય

## પંદરમી ગુજરાત વિધાનસભા

### આઠમું સત્ર

## તારાંકિત પ્રશ્નોત્તરી
## બુધવાર, ૧૮ ફેબ્રુઆરી, ૨૦૨૬

----

જવાબ આપનાર માનનીય મંત્રીશ્રીઓ [ઉદ્યોગ - વાહન વ્યવહાર - કાયદો અને ન્યાયતંત્ર - મીઠા ઉદ્યોગ - નાગરિક ઉડ્ડયન - આદિજાતિ વિકાસ - છાપકામ અને લેખનસામગ્રી - સરહદી સુરક્ષા - નાગરિક સંરક્ષણ - ગૃહ રક્ષક દળ અને ગ્રામ રક્ષક દળ - જેલ - નશાબંધી અને આબકારી - સ્વૈચ્છિક સંસ્થાઓનું સંકલન - ખાદી, કુટિર અને ગ્રામોદ્યોગ - લઘુ, સૂક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગ - પ્રવાસન અને યાત્રાધામ વિકાસ - ગૃહ - પોલીસ હાઉસીંગ - રમતગમત, યુવા સેવાઓ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ].

કુલ પ્રશ્નો 47

----

### કચ્છ જીલ્લામાં આરટીઓ દ્વારા પકડેલ ઓવરલોડ વાહનો

15/8/11 *1 શ્રી પ્રદ્યુમનસિંહ મહિપતસિંહ જાડેજા (અબડાસા):

વાહન વ્યવહાર :-

માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી (વાહનવ્યવહાર) જણાવવા કૃપા કરશે કે:-

(૧)તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કચ્છ જીલ્લામાં તાલુકાવાર કેટલા ઓવરલોડ વાહનો આરટીઓ દ્વારા પકડવામાં આવ્યા,

(૨)તે પૈકી પકડવામાં આવેલ વાહનો પાસેથી કેટલી રકમ સ્થળ પર વસુલ કરી માંડવાળ કરવામાં આવી,અને

(૩)ઉક્ત સ્થિતિએ કેટલા વાહનો સીઝ કરવામાં આવ્યા?

----

### રાજકોટ જિલ્લામાં ટેક્ષટાઈલ વેલ્યુ ચેઈનમાં ચોક્કસ ક્ષેત્રોને મજબૂત બનાવવા માટે પાવર ટેરીફ સહાય

15/8/471 *2 ડૉ. મહેન્દ્રભાઇ પાડલિયા (ધોરાજી):

**ઉદ્યોગ :-**

માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજકોટ જિલ્લામાં ગુજરાત ટેક્ષટાઈલ વેલ્યુ ચેઈનમાં ચોક્કસ ક્ષેત્રોને મજબૂત બનાવવા માટે પાવર ટેરીફ સહાય યોજના હેઠળ કેટલી કલેઈમ અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે પેટે કેટલી સહાયની ચૂકવણી કરવામાં આવી?

----

## કાંકરેજ તાલુકાના શિહોરી ખાતે બસ સ્ટેશન બનાવવા બાબત

15/8/101 *3 **શ્રી અમૃતજી મોતીજી ઠાકોર (કાંકરેજ):**

**વાહન વ્યવહાર :-**

માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી (વાહનવ્યવહાર) જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ તાલુકાના મુખ્ય મથક શિહોરી ખાતે બસ સ્ટેશન બનાવવા સરકારને કેટલી અરજીઓ મળી, અને

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત અરજીઓ અન્વયે સરકારે નવું બસ સ્ટેશન બનાવવા શી કાર્યવાહી કરી?

----

## ભાવનગર જિલ્લામાં સુરક્ષા સેતુ યોજના અંતર્ગત મહિલાઓને સ્વરક્ષણ તાલીમ

15/8/467 *4 **શ્રીમતી સેજલબેન રાજીવકુમાર પંડ્યા (ભાવનગર (પૂર્વ)):**

**ગૃહ :-**

માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ રાજ્યની સુરક્ષા સેતુ યોજના અંતર્ગત મહિલાઓને સ્વરક્ષણ માટે તાલીમ આપવામાં આવે છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં કેટલી મહિલાઓને આવી તાલીમ આપવામાં આવેલ છે?

----

## મહેસાણા જિલ્લામાં આત્મનિર્ભર ગુજરાત યોજના - ૨૦૨૨ હેઠળ MSME એકમોની ક્લેઈમ અરજીઓ

15/8/474 *5 **શ્રી મુકેશકુમાર દ્વારકાદાસ પટેલ (મહેસાણા):**

ઉદ્યોગ :-

માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મહેસાણા જિલ્લામાં આત્મનિર્ભર ગુજરાત યોજના - ૨૦૨૨ અંતર્ગત વ્યાજ સહાય યોજના હેઠળ MSME (Micro, Small and Medium Enterprise) એકમોની કેટલી કલેઈમ અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે પેટે કુલ કેટલા વ્યાજની સહાય ચૂકવવામાં આવી?

----

## અમદાવાદ અને સુરત શહેરમાં પકડાયેલા નશીલા પદાર્થો

15/8/401 *6 **શ્રી અમિત ચાવડા (આંકલાવ):**

ગૃહ :-

માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ શહેરમાં અને સુરત શહેરમાં પોલીસ સ્ટેશનદીઠ કેટલો અને કેટલી કિંમતનો વિદેશી-દેશી દારૂ, ડ્રગ્સ, બીયર, તાડી, નશીલા દ્રવ્યોનો કેટલો જથ્થો પકડાયો,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલા ગુનેગારો પકડાયા અને કેટલાને પકડવાના બાકી છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ કેટલા પોલીસ અધિકારી કે કર્મચારી સામે શી કાર્યવાહી કરવામાં આવેલ છે?

----

## અમદાવાદ શહેરમાં પોલીસ સ્ટેશન દીઠ વિદેશી દારૂ, દેશી દારૂ અને કેફી દ્રવ્યો

15/8/333 *7 **શ્રી શૈલેષ મનુભાઇ પરમાર (દાણીલીમડા):**

ગૃહ :-

માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ શહેરમાં પોલીસ સ્ટેશન દીઠ વિદેશી દારૂ, દેશી દારૂ અને કેફી પદાર્થોનો કેટલો જથ્થો પકડાયો,

(૨) ઉક્ત પકડાયેલ વિદેશી દારૂ, દેશી દારૂ અને કેફી પદાર્થોની વર્ષવાર કિંમત કેટલી છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ કયા પોલીસ સ્ટેશનની હદમાંથી સૌથી વધારે વિદેશી દારૂ,

દેશી દારૂ અને કેફી પદાર્થો પકડાયા?

----

## ગીર સોમનાથ જિલ્લામાં સુરક્ષા સેતુ યોજના અંતર્ગત મહિલાઓને સ્વરક્ષણ તાલીમ

15/8/465 *8 **શ્રી ભગાભાઇ ધાનાભાઇ બારડ (તાલાલા):**

**ગૃહ :-**

માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ રાજ્યની સુરક્ષા સેતુ યોજના અંતર્ગત મહિલાઓને સ્વરક્ષણ માટે તાલીમ આપવામાં આવે છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગીર સોમનાથ જિલ્લામાં કેટલી મહિલાઓને આવી તાલીમ આપવામાં આવેલ છે?

----

## સુરત શહેર અને રાજકોટ શહેરના પોલીસ સ્ટેશનમાં મુદ્દામાલના વાહનો મુકવા માટે પાર્કિંગ પ્લોટ બાબત

15/8/216 *9 **શ્રી ગોપાલભાઈ ગોરધનભાઈ ઇટાલીયા (વિસાવદર):**

**ગૃહ :-**

માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧.૧૨.૨૦૨૫ની સ્થિતિએ સુરત શહેર અને રાજકોટ શહેરમાં તપાસ કાર્યવાહી દરમ્યાન મુદ્દામાલ તરીકે જમા લેવામાં આવેલ વાહનો મુકવા માટે પોલીસ સ્ટેશનવાઈઝ અધિકૃત સરકારી કે ખાનગી માલિકીના પાર્કિંગ પ્લોટ/ સુવિધા ઉપલબ્ધ છે કે કેમ,
(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત પાર્કિંગ પ્લોટ પૈકીના ખાનગી માલિકીના પ્લોટ પેટે શહેરવાર પોલીસ સ્ટેશનવાર કેટલું ભાડું સરકાર દ્વારા ચૂકવવામાં આવેલ છે, અને
(૩) ઉક્ત પાર્કિંગ પ્લોટમાં મુદ્દામાલના વાહનોની સ્થિતિ ખરાબ ન થઈ જાય તે માટે તેની જાળવણી માટે શી વ્યવસ્થા ઉપલબ્ધ છે?

----

## અમદાવાદની સાબરમતી જેલમાં આપઘાતના કિસ્સા.

15/8/292 *10 **શ્રી ઇમરાન યુસુફભાઇ ખેડાવાલા (જમાલપુર-ખાડીયા):**

**જેલ :-**

માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી (જેલ) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૨૦/૦૧/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદની સાબરમતી

જેલમાં આપઘાત કરવાના કેટલાક કિસ્સા બન્યા છે,

(૨) આપઘાત કરવાના કારણો શું છે, અને

(૩) ઉક્ત પ્રકારની ઘટનાઓના સંદર્ભમાં જવાબદારો સામે સરકારે શું પગલા લીધા?

----

## આદિજાતિ વિકાસ વિભાગ માટે નાણાકીય જોગવાઈ

15/8/20 *11 **શ્રી ચૈતરભાઇ દામજીભાઇ વસાવા (દેડીયાપાડા):**

**આદિજાતિ વિકાસ :-**
માનનીય આદિજાતી વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૨૦/૦૧/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા આદિજાતિ વિકાસ વિભાગ માટે કેટલી નાણાકીય જોગવાઈ કરવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ વર્ષવાર કેટલી વપરાયેલ અને વણવપરાયેલ રકમ છે, અને

(૩) ઉક્ત રકમ વણવપરાયેલ રહેવાના શા કારણો છે?

----

## પંચમહાલ જિલ્લાના હદમાં આવતા ગામો પોલીસ સ્ટેશનોમાં સમાવવા બાબત

15/8/34 *12 **શ્રી જેઠાભાઇ આહીર(ભરવાડ) (શહેરા):**

**ગૃહ :-**
માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લાના તાલુકાવાર કયા પોલીસ સ્ટેશનોના હદમાં આવતા અન્ય ગામો પોલીસ સ્ટેશનોમાં સમાવવા માટે કેટલી માગણીઓ આવેલ છે, અને

(૨) ઉક્ત મળેલ માગણી અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી અને કેટલા સમયમાં કામગીરી પૂર્ણ કરવામાં આવનાર છે?

----

## બોટાદ જિલ્લામાં ખાદીના કેન્દ્રો

15/8/161 *13 **શ્રી ઉમેશભાઇ નારણભાઇ મકવાણા (બોટાદ):**

**ખાદી, કુટિર અને ગ્રામોદ્યોગ :-**
માનનીય ખાદી, કુટીર અને ગ્રામોદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(1) તા. ૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ બોટાદ જિલ્લામાં ખાદીના કેટલા કેન્દ્રો કાર્યરત છે, અને

(૨)બોટાદ જિલ્લામાં ખાદી ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા માટે છેલ્લા બે વર્ષમાં કેવા પ્રકારના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે?

----

**સાબરકાંઠા જિલ્લામાં સુરક્ષા સેતુ યોજના અંતર્ગત મહિલાઓને સ્વરક્ષણ તાલીમ**

15/8/468 *14 **શ્રી વિનેન્દ્રસિંહ દિલીપસિંહ ઝાલા (હિંમતનગર):**

**ગૃહ :-**

માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ રાજ્યની સુરક્ષા સેતુ યોજના અંતર્ગત મહિલાઓને સ્વરક્ષણ માટે તાલીમ આપવામાં આવે છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં કેટલી મહિલાઓને આવી તાલીમ આપવામાં આવેલ છે?

----

**રાજ્યમાં પોલીસ ઈન્સ્પેકટર અને અન્ય સ્ટાફ વિરૂધ્ધ કાર્યવાહી**

15/8/55 *15 **શ્રી દિનેશભાઇ આતાજી ઠાકોર (ચાણસ્મા):**

**ગૃહ :-**

માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે:-

(૧) રાજ્યમાં જે પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી દારૂ પકડાય તે પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેકટર અને અન્ય સ્ટાફ વિરૂધ્ધ કાર્યવાહી કરવાની જોગવાઈ છે કે કેમ,

(૨) જો હા, તો તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ તા. ૦૨/૧૦/૨૦૨૫ના રોજ શંખેશ્વર તાલુકાના બીલીયા મુકામે રૂ. ૬૬ લાખનો વિદેશી દારૂ એલ.સી.બી. દ્વારા પકડવામાં આવેલ તે બનાવ અંતર્ગત જવાબદાર પોલીસ અધિકારી વિરૂધ્ધ શી કાર્યવાહી કરવામાં આવેલ છે, અને

(૩) જો કાર્યવાહી કરવામાં ના આવી હોય તો તેના કારણો શા છે?

----

**રાજ્યમાં ખાનગી બસ સંચાલકોએ કેરેજ પરમીટ મેળવવા કરેલી રજુઆતો**

15/8/309 *16 **શ્રી હેમંતભાઇ હરદાસભાઇ આહિર (જામજોધપુર):**

**વાહન વ્યવહાર :-**

માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી (વાહનવ્યવહાર) જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં ખાનગી બસ સંચાલકો દ્વારા સ્ટેજ કેરેજ પરમીટ મેળવવા માટેની કેટલી રજુઆતો રાજ્ય સરકારને મળેલ છે, અને
(૨) ઉક્ત સ્થિતિએ સ્ટેજ કેરેજ પરમીટ આપવા માટે રાજ્ય સરકાર દ્વારા શી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે?

----

## બનાસકાંઠા જિલ્લામાં આત્મનિર્ભર ગુજરાત યોજના- ૨૦૨૨ હેઠળ MSME એકમોની કલેઈમ અરજીઓ

15/8/473 *17 **શ્રી અનિકેત ગિરીશભાઇ ઠાકર (પાલનપુર):**

**ઉદ્યોગ :-**
માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં આત્મનિર્ભર ગુજરાત યોજના- ૨૦૨૨ અંતર્ગત વ્યાજ સહાય યોજના હેઠળ Micro, Small and Medium Enterprise (MSME) એકમોની કેટલી કલેઈમ અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૨) ઉકત સ્થિતિએ તે પેટે કુલ કેટલા વ્યાજની સહાય ચૂકવવામાં આવી?

----

## રાજ્યમાં જિલ્લા સરકારી વકીલોની વયમર્યાદા બાબત

15/8/126 *18 **ડૉ. કીરીટકુમાર ચીમનલાલ પટેલ (પાટણ):**

**કાયદો અને ન્યાયતંત્ર :-**
માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી (કાયદો) જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ જિલ્લા સરકારી વકીલો માટે વયમર્યાદા કેટલી નક્કી કરવામાં આવેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ વયમર્યાદા પૂર્ણ થયેલ હોય અને જિલ્લા સરકારી વકીલ તરીકે સેવામાં હોય તેવા કેટલા વકીલો છે?

----

## નવસારી અને ચિખલી તાલુકામાં વન અધિકાર અધિનિયમ અંતર્ગત સનદો

15/8/240 *19 **શ્રી અનંતકુમાર હસમુખભાઇ પટેલ (વાંસદા):**

**આદિજાતિ વિકાસ :-**

માનનીય આદિજાતી વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતીએ છેલ્લા બે વર્ષમાં નવસારી અને ચીખલી તાલુકામાં વન અધિકાર અધિનિયમ અંતર્ગત કુલ કેટલી સનદો આપવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ કેટલી સનદો આપવાની બાકી છે, અને

(૩) બાકી રહેલ સનદો કેટલા સમયમાં આપવામાં આવશે?

----

## ઉમરગામ તાલુકામાં એસ.ટી. ડેપો

15/8/311 *20 **શ્રી રમણલાલ નાનુભાઇ પાટકર (ઉમરગામ ):**

**વાહન વ્યવહાર :-**

માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી (વાહનવ્યવહાર) જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ ઉમરગામ તાલુકાના નારગોલ એસ.ટી. ડેપો બંધ હાલતમાં છે તે હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત એસ.ટી. ડેપો શરૂ કરવા કેટલી રજુઆતો વિભાગને મળી, અને

(૩) ઉક્ત સ્થિતિએ મળેલ રજુઆતોના અનુસંધાને શી કાર્યવાહી હાથ ધરવામાં આવી?

----

## દાંતા, અમીરગઢ અને હડાદ તાલુકામાં વન અધિકાર અધિનિયમ-૨૦૦૬ અંતર્ગત જમીન ફાળવણીના દાવા

15/8/97 *21 **શ્રી કાન્તીભાઇ કાળાભાઇ ખરાડી (દાંતા):**

**આદિજાતિ વિકાસ :-**

માનનીય આદિજાતી વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લાના દાંતા, અમીરગઢ અને હડાદ તાલુકામાં વન અધિકાર અધિનિયમ-૨૦૦૬ અંતર્ગત જમીનના અધિકારપત્રોની કેટલી દાવા અરજીઓ સરકારને મળી,

(૨) ઉક્ત સ્થિતિએ કેટલા દાવાઓ મંજુર કરીને જમીનોની સનદો આપવામાં આવી, અને

(૩) બાકી રહેલા દાવાઓ કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે?

----

## અમદાવાદ અને વડોદરા સેન્ટ્રલ જેલમાં ડ્રગ્સ, અફીણ, ચરસ, ગાંજા સંબંધિત આરોપીઓ

15/8/325 *22 **શ્રી જિગ્નેશ મેવાણી (વડગામ):**

**ગૃહ :-**

માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ અને વડોદરા સેન્ટ્રલ જેલમાં ડ્રગ્સ, અફીણ, ચરસ, ગાંજા સંબંધિત ગુનામાં કેટલા આરોપીઓને જેલમાં રાખવામાં આવ્યા,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત આરોપીઓમાથી કેટલા આરોપીઓને જેલમાંથી મુક્ત કરવામાં આવ્યા છે, અને

(૩) ઉક્ત આરોપીઓને જેલમાંથી મુક્ત કરવાના શા કારણો છે?

----

## અમદાવાદ જિલ્લામાં સુરક્ષા સેતુ યોજના અંતર્ગત મહિલાઓને સ્વરક્ષણ તાલીમ

15/8/466 *23 **પાયલ મનોજકુમાર કુકરાની (નરોડા):**

**ગૃહ :-**

માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ રાજ્યની સુરક્ષા સેતુ યોજના અંતર્ગત મહિલાઓને સ્વરક્ષણ માટે તાલીમ આપવામાં આવે છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેરમાં કેટલી મહિલાઓને આવી તાલીમ આપવામાં આવેલ છે?

----

## અમદાવાદ જિલ્લામાં ટેક્ષટાઈલ વેલ્યુ ચેઈનમાં ચોક્કસ ક્ષેત્રોને મજબૂત કરવા વ્યાજ સહાય યોજના

15/8/470 *24 **શ્રી કનુભાઇ કરમશીભાઇ પટેલ (સાણંદ):**

**ઉદ્યોગ :-**

માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ જિલ્લામાં ગુજરાત ટેક્ષટાઈલ વેલ્યુ ચેઈનમાં ચોક્કસ ક્ષેત્રોને મજબૂત બનાવવા માટે વ્યાજ

સહાય યોજના હેઠળ કેટલી કલેઈમ અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે પેટે કેટલી સહાયની ચૂકવણી કરવામાં આવી?

----

**છોટા ઉદેપુર જિલ્લામાં ૨૭૫ (૧) હેઠળની ગ્રાન્ટ માંથી કામગીરી બાબત**

15/8/149 ***25** **શ્રી રાજેન્દ્રસિંહ મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર):**

**આદિજાતિ વિકાસ :-**

માનનીય આદિજાતી વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં બંધારણના અનુચ્છેદ-૨૭૫ (૧) હેઠળ સહાયક અનુદાનમાથી કેટલી રકમની, કયા પ્રકારની કામગીરી કરવા માટે રાજ્ય સરકારે મંજૂરી આપી,અને

(૨) ઉક્ત સ્થિતિએ આ કામગીરી હાલ કયા તબક્કે છે ?

----

**સોનગઢ તાલુકાના ટ્રાયબલ સબ પ્લાન હેઠળ થયેલ કામોની ફરીયાદ બાબત.**

15/8/175 ***26** **ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી (ખેડબ્રહ્મા):**

**આદિજાતિ વિકાસ :-**

માનનીય આદિજાતી વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાપી જિલ્લાના સોનગઢ તાલુકા ટ્રાયબલ સબ પ્લાન હેઠળ થયેલ બોરવેલના કામોમાં ટેન્ડર વિના ખર્ચ, માપણીમાં ભૂલો અને ગુણવત્તાની તપાસ વિના બીલો પાસ થયા હોવાની કેટલી ફરિયાદો સરકારને મળી,

(૨) ઉક્ત સ્થિતિએ મળેલ ફરિયાદો અન્વયે સરકાર દ્વારા તપાસ કરવામાં આવી છે કે કેમ, અને

(૩) જો હા, તો ઉક્ત સ્થિતિએ કેટલા જવાબદારો સામે કાયદેસરની શી કાર્યવાહી કરવામાં આવી?

----

**મહેસાણા જિલ્લામાં સુરક્ષા સેતુ યોજના અંતર્ગત મહિલાઓને સ્વરક્ષણ તાલીમ**

15/8/469 ***27** **ડૉ. સી.જે. ચાવડા (વિજાપુર):**

**ગૃહ :-**

માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ રાજ્યની સુરક્ષા સેતુ યોજના અંતર્ગત મહિલાઓને સ્વરક્ષણ માટે તાલીમ આપવામાં આવે છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં કેટલી મહિલાઓને આવી તાલીમ આપવામાં આવેલ છે?

----

**રાજ્ય સરકાર હસ્તકના વિમાન, હેલીકોપ્ટર માટે બજેટ જોગવાઈ**

15/8/237 *28 **શ્રી અમૃતજી મોતીજી ઠાકોર (કાંકરેજ):**

**નાગરિક ઉડ્ડયન :-**

માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી (નાગરિક ઉડ્ડયન) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ રાજ્ય સરકાર હસ્તકના વિમાન અને હેલીકોપ્ટરના સંચાલન, નિભાવ, મરામત અને જાળવણી માટે વર્ષ ૨૦૨૫-૨૬ના બજેટમાં કેટલી રકમની જોગવાઈ કરવામાં આવી, અને

(૨) ઉક્ત સ્થિતિએ ક્યા હેતુસર કેટલો ખર્ચ થયો?

----

**લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો (એ.સી.બી.)માં અધિકારી/ કર્મચારીઓ સામે નોંધાયેલા ગુના**

15/8/397 *29 **શ્રી અમિત ચાવડા (આંકલાવ):**

**ગૃહ :-**

માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં લાંચ રૂશ્વતના આરોપસર કેટલા સરકારી અધિકારી- કર્મચારી સામે એ.સી.બી.માં ગુના નોંધાયા,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત ગુનાઓ પૈકી કયા વિભાગના અને કયા વર્ગના કેટલા અધિકારી- કર્મચારી છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ કેટલા કિસ્સામાં ગુના સાબિત થયા અને કેટલા નિર્દોષ જાહેર થયા?

----

**અમદાવાદ અને રાજકોટ શહેરમાં નોંધાયેલ ગુનાઓ**

15/8/334 *30 **શ્રી શૈલેષ મનુભાઇ પરમાર (દાણીલીમડા):**

**ગૃહ :-**

માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ અમદાવાદ અને રાજકોટ શહેરમાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ખૂન, લૂંટ, બળાત્કાર, ચોરી, અપહરણ, આત્મહત્યા, દારૂ, જુગાર, છેડતી, ધાડના કેટલા ગુનાઓ નોંધાયા,

(૨) તે પૈકી કેટલા ગુનેગારો પકડાયા, કેટલા બાકી છે અને કેટલા ગુનાનો ભેદ ઉકેલાયો, અને

(૩) ઉક્ત સ્થિતિએ કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે સરકારે શાં પગલાં લીધા?

----

## અમરેલી લેટરકાંડ બાબતે રચવામાં આવેલી SIT બાબત

15/8/219 *31 **શ્રી ગોપાલભાઈ ગોરધનભાઈ ઇટાલીયા (વિસાવદર)ઃ**

**ગૃહ :-**

માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ અમરેલી જીલ્લામાં લેટરકાંડ મુદ્દે તપાસ કરવા માટે SIT ની રચના કરવામાં આવેલ તે હકીકત સાચી છે, અને
(૨) ઉક્ત SIT દ્વારા તપાસના અંતે ઉક્ત ઘટના સંદર્ભે ઘટનાના દોષિત આરોપીઓ તેમજ જવાબદાર સરકારી કર્મચારીઓ / અધિકારીઓ વિરુદ્ધ સરકાર દ્વારા શી કાર્યવાહી કરવામાં આવી?

----

## રાજ્યમાં હેલ્થ લિકર પરમીટ ફી બાબત

15/8/294 *32 **શ્રી ઇમરાન યુસુફભાઇ ખેડાવાલા (જમાલપુર-ખાડીયા)ઃ**

**નશાબંધી અને આબકારી :-**

માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી (નશાબંધી અને આબકારી) જણાવવા કૃપા કરશે કેઃ-

તા. ૨૦/૦૧/૨૦૨૬ સુધીમાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્યમાં હેલ્થ લિકર પરમીટ ફીની કેટલી આવક થઈ?

----

## પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ યોજના

15/8/21 *33 **શ્રી ચૈતરભાઇ દામજીભાઇ વસાવા (દેડીયાપાડા)ઃ**

**આદિજાતિ વિકાસ :-**

માનનીય આદિજાતી વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા. ૨૦/૦૧/૨૦૨૬ની સ્થિતિએ અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે પોસ્ટ મેટ્રીક શિષ્યવૃતિ યોજના અંતર્ગત નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં નાણાકીય જોગવાઈ કેટલી કરવામાં આવી છે,

(૨) ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ મળેલ છે અને તે પૈકી કેટલા અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ મળવાપાત્ર છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ આ યોજનાનો લાભ મેનેજમેન્ટ અને વેકેન્ટ કોટાના કેટલા વિદ્યાર્થીઓને મળનાર છે?

----

**મહેસાણામાં યોજાયેલ વાયબ્રન્ટ રીજીયોનલ કોન્ફરન્સ**

15/8/403 *34 **શ્રી દિનેશભાઇ આતાજી ઠાકોર (ચાણસ્મા):**

**ઉદ્યોગ :-**

માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં યોજાયેલ વાયબ્રન્ટ રીજીયોનલ કોન્ફરન્સમાં કેટલી રકમના એમ.ઓ.યુ. થયા, અને

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત કોન્ફરન્સમાં કેટલી કંપનીઓ દ્વારા ક્યા સેકટરોમાં કેટલી રકમના એમ.ઓ.યુ. થયા?

----

**ગુજરાત સ્ટેટ પોલીસ કમ્પલેન્ટસ ઓથોરીટીને પોલીસ વિરુધ્ધ મળેલ ફરિયાદો**

15/8/320 *35 **શ્રી હેમંતભાઇ હરદાસભાઇ આહિર (જામજોધપુર):**

**ગૃહ :-**

માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તારીખ.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગુજરાત સ્ટેટ પોલીસ કમ્પલેન્ટસ ઓથોરીટીને (GSPCA) પોલીસ વિરુધ્ધ કુલ કેટલી ફરિયાદો મળી,
(૨) ઉક્ત મળેલ ફરિયાદો પૈકી કેટલી ફરિયાદોમાં ઓથોરિટીએ શી કાર્યવાહી કરી
,
(૩) ઉક્ત સ્થિતિએ કેટલી ફરિયાદો હજુ પડતર છે, અને
(૪) પડતર રહેવાના શા કારણો છે?

----

## રાજ્યમાં યાત્રાધામ વિકાસ માટે મંજૂર કરેલ રકમ

15/8/127 *36 **ડૉ. કીરીટકુમાર ચીમનલાલ પટેલ (પાટણ):**

**પ્રવાસન અને યાત્રાધામ વિકાસ :-**
માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી (યાત્રાધામ વિકાસ) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં વર્ષવાર યાત્રાધામ વિકાસ પ્રભાગ માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ , અને

(૨) ઉક્ત સ્થિતિએ વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

----

## નવસારી અને વલસાડ જિલ્લામાં પકડાયેલ નશીલા પદાર્થો

15/8/406 *37 **શ્રી અનંતકુમાર હસમુખભાઇ પટેલ (વાંસદા):**

**ગૃહ :-**
માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નવસારી અને વલસા ડ શહેર- જિલ્લામાં તાલુકાવાર વિદેશી-દેશી દારૂ, તાડી, બીયરનો કેટલો જથ્થો પકડાયો, અને

(૨) ઉપરોક્ત પકડાયેલ જથ્થાની કિંમત શું છે?

----

## બનાસકાંઠા જિલ્લામાં પ્રિ-મેટ્રીક શિષ્યવૃત્તિ યોજના

15/8/244 *38 **શ્રી કાન્તીભાઇ કાળાભાઇ ખરાડી (દાંતા):**

**આદિજાતિ વિકાસ :-**
માનનીય આદિજાતી વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં પ્રિ-મેટ્રીક શિષ્યવૃત્તિ યોજના હેઠળ અનુસૂચિત જન જાતિના વિદ્યાર્થીઓની કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી,અને

(૩) કુલ કેટલી શિષ્યવૃત્તિ ચૂકવવામાં આવી?

----

## છોટાઉદેપુર જિલ્લામાં મુખ્યમંત્રી બોર્ડર વિલેજ સર્વાંગી ઉત્કર્ષ યોજના બાબત

15/8/150 *39 **શ્રી રાજેન્દ્રસિંહ મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર):**

**આદિજાતિ વિકાસ :-**

માનનીય આદિજાતી વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર મુખ્યમંત્રી બોર્ડર વિલેજ સર્વાંગી ઉત્કર્ષ યોજના હેઠળ આવાસ બાંધવાની કેટલી માંગણીઓ આવી, અને

(૨) તે પૈકી કેટલી માંગણીઓ મંજૂર કરી છે ?

----

## આદિજાતિ વિભાગની વર્ષ ૨૦૨૪-૨૫ના વર્ષ માટે બજેટમાં વણવપરાયેલ રકમ બાબત

15/8/176 *40 **ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી (ખેડબ્રહ્મા):**

**આદિજાતિ વિકાસ :-**

માનનીય આદિજાતી વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ આદિજાતિ વિકાસ વિભાગના ૨૦૨૪-૨૫ના વર્ષમાં બજેટ ફાળવણીમાંથી વણવપરાયેલ રકમને GSFSમાં પાર્ક કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ કેટલી રકમ GSFSમાં પાર્ક કરવામાં આવેલ, અને

(૩) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી રકમનો ખર્ચ કયા હેતુ માટે કરવામાં આવ્યો?

----

## ભાવનગર જિલ્લામાં રત્ન કલાકારોના બાળકોને સ્કુલ ફીની સહાય

15/8/396 *41 **શ્રી અમિત ચાવડા (આંકલાવ):**

**ઉદ્યોગ :-**

માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા. ૨૦/૦૧/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભાવનગર શહેર અને જિલ્લામાં અસરગ્રસ્ત રત્ન કલાકારોના બાળકોને સ્કુલ ફીની સહાય ચૂકવવા માટે તાલુકાવાર કેટલી અરજીઓ જિલ્લા ઉદ્યોગ કેન્દ્રોને મળી,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત અરજીઓ અન્વયે કેટલા રત્ન કલાકારોના બાળકોને કેટલી રકમની ચૂકવણી કરવામાં આવી, અને

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ પડતર છે?

----

## વડોદરા અને સુરત શહેરમાં નોંધાયેલા ગુનાઓ

15/8/335 *42 **શ્રી શૈલેષ મનુભાઇ પરમાર (દાણીલીમડા):**

**ગૃહ :-**
માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ વડોદરા અને સુરત શહેરમાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ખૂન, લૂંટ, બળાત્કાર, ચોરી, અપહરણ, આત્મહત્યા, દારૂ, જુગાર, છેડતી, ધાડના કેટલા ગુનાઓ નોંધાયા,

(૨) તે પૈકી કેટલા ગુનેગારો પકડાયા, કેટલા બાકી છે અને કેટલા ગુનાનો ભેદ ઉકેલાયો, અને

(૩) ઉક્ત સ્થિતિએ કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે સરકારે શાં પગલાં લીધા?

----

## જનજાતિય ગૌરવ દિવસ ઉજવણી કાર્યક્રમ બાબત

15/8/22 *43 **શ્રી ચૈતરભાઇ દામજીભાઇ વસાવા (દેડીયાપાડા):**

**આદિજાતિ વિકાસ :-**
માનનીય આદિજાતી વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) દેડીયાપાડા તાલુકા ખાતે ૧૫મી નવેમ્બર, ૨૦૨૫ જનજાતિય ગૌરવ દિવસ ઉજવણી કાર્યક્રમ માટે આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા કેટલી નાણાકીય જોગવાઈ કરવામાં આવી,

(૨) ઉક્ત જોગવાઈમાં ક્યાં પ્રકારની સુવિધાઓ પુરી પાડવામાં આવેલ, અને

(૩) ઉક્ત સુવિધાઓ કઈ સંસ્થાએ પુરી પાડેલ હતી?

----

## જામનગર અને દેવભૂમિ દ્વારકા જીલ્લામાં મંજુર થયેલ પ્રવાસનના વિકાસના કામો

15/8/323 *44 **શ્રી હેમંતભાઇ હરદાસભાઇ આહિર (જામજોધપુર):**

**પ્રવાસન અને યાત્રાધામ વિકાસ :-**
૧૫મી ગુજરાત વિધાનસભાના છઠ્ઠા સત્રમાં તા.૧૯/૦૩/૨૦૨૫ના રોજ સભાગૃહમાં રજુ થયેલ તારાંકિત પ્રશ્નઃ-૧૫/૬/૧૫૨૦ના અનુસંધાને માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી (પ્રવાસન ) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા-૩૧/૦૧/૨૦૨૫ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જીલ્લામાં

મંજુર થયેલ પ્રવાસનના કામો ટેન્ડર પ્રક્રિયામાં હતા તે પ્રક્રિયા ૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ ક્યાં તબ્બકે છે,
(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત બાબતે કેટલો ખર્ચ પ્રવાસન સ્થળવાર થયેલ છે, અને
(૩) જો કોઈ ખર્ચ ના થયેલ હોય તો તેના શા કારણો છે?

----

## સુરત અને વડોદરા જિલ્લામાં પકડાયેલા નશીલા પદાર્થો

15/8/408 *45 **શ્રી અનંતકુમાર હસમુખભાઇ પટેલ (વાંસદા):**

**ગૃહ :-**

માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરત અને વડોદરા શહેર- જિલ્લામાં તાલુકાવાર વિદેશી-દેશી દારૂ, તાડી, બીયરનો કેટલો જથ્થો પકડાયો, અને

(૨) ઉપરોક્ત પકડાયેલ જથ્થાની કિંમત શું છે?

----

## છોટાઉદેપુર જિલ્લામાં મુખ્યમંત્રી વન અધિકાર ખેડૂત ઉત્કર્ષ યોજના બાબત

15/8/151 *46 **શ્રી રાજેન્દ્રસિંહ મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર):**

**આદિજાતિ વિકાસ :-**

માનનીય આદિજાતી વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર મુખ્યમંત્રી વન અધિકાર ખેડૂત ઉત્કર્ષ યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં કેટલી રકમના કયા કામોનું આયોજન કરવામાં આવેલ છે,અને
(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલા કામો પૂર્ણ થયા, કેટલા કામો પ્રગતિ હેઠળ છે ?

----

## બંધારણની કલમ ૨૭૫(૧) હેઠળ આદિજાતિ વિસ્તારોને સહાય

15/8/177 *47 **ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી (ખેડબ્રહ્મા):**

**આદિજાતિ વિકાસ :-**

માનનીય આદિજાતી વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ ભારતના બંધારણની કલમ ૨૭૫(૧) હેઠળ આદિજાતિ વિસ્તારોમાં આંતરમાળખાકીય સુવિધાઓ ઉભી કરવા ભારત સરકાર તરફથી વર્ષ ૨૦૨૪-૨૫ અને ૨૦૨૫-૨૬માં કેટલી રકમની સહાય કરવામાં આવી, અને

(૨) ઉકત સ્થિતિએ ઉક્ત સહાયમાંથી કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી રકમ વણવપરાયેલ રહી?

----